## અઠવા પો.સ્ટે. વિસ્તારમાં દેશી હાથ બનાવટની એક પિસ્ટલ તથા બે તમંચા તથા કાર્ટીઝ નંગ-૧૭ તથા ચોરીની મો.સા. સાથે એક ઈસમને ઝડપી પાડતી સુરત શહેર, એસ.ઓ.જી. ટીમ

સુરત શહેર વિસ્તારમાં ગે.કા. હથિયારના કેસો શોધી કાઢવા એસ.ઓ.જી.શાખાના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. અશોક નારાયણભાઈ નાઓને અંગત બાતમીદાર મારફતે બાતમી હકીકત મળેલ કે, રામહિત શારદાપ્રસાદ યાદવ રહે.ઘર નં.૭૩, ઠાકોરનગર સોસા., પરવત ગામ લીમ્બાયત, સુરતવાળો પોતાની પાસે એક પિસ્ટલ રાખી, નવસારી બજાર મેઈન રોડ, ઢબુવાલા ગલીના નાકે રોયલ ટેલર્સ નામની દુકાનની પાસે એક ટુ-વ્હીલર પેશન પ્રો ગાડી નં. GJ-05-ML-7279 ની લઈને ઉભેલ છે." તે બાતમી આધારે ટીમના માણસોએ જગ્યાએ તપાસ કરી ઈસમને ઝડપી પાડી તેના કમરના ભાગે સંતાડી રાખેલ લાયસન્સ વગરની (૧) દેશી હાથ બનાવટની મેગ્ઝીન સાથેની પિસ્ટલ નંગ-૦૧ કીં.રૂ. ૨૫,૦૦૦/-,(૨) ખાલી મેગ્ઝીન નંગ-૧ કિ.રૂ.૫૦૦/- (૩) કાર્ટીઝ નંગ-૦૮ કિં.રૂ.૮૦૦/- તેમજ (૪) હીરો કંપનીની પેશન પ્રો. મોટર સાયકલ નંગ-૧ કિ.રૂ.૨૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૫૧,૩૦૦/- ની મત્તાનો મુદામાલ કબ્જે કરી, તમંચો સાચવવા માટે આપનાર રોહિતસિંહ જયકરણસિંહ રહે. ઘર નં.૭૩, ઠાકોરનગર સોસા., પરવત ગામ લીમ્બાયત, સુરત મુળવતન ગામ બડાગાંવ જી.બાંદા (યુ.પી.) વાળાને વોન્ટેડ જાહેર કરી તેમના વિરૂધ્ધમાં આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૧-એ), ૨૯ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ અઠવા પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરવામાં આવેલ. આરોપીની વધુ પુછપરછ કરતા તેની પાસેથી મળી આવેલ હથિયાર ઉપરાંત બીજા હથિયાર તેણે ઘર નં.૭૩, ઠાકોરનગર સોસા., પરવત ગામ લીમ્બાયત,સુરતમાં સંતાડી રાખેલ હોવાનું જણાવતા તેને સાથે રાખી આ જગ્યાએ તપાસ કરતા ઘરમાં સંતાડી રાખેલ બે દેશી હાથ બનાવટના તમંચા કિ.રૂ. ૮,૦૦૦/- તથા જીવતા કાર્ટીસ નંગ-૯ કિ.રૂ. ૯૦૦/- મળી કુલ્લે મુદ્દામાલ કિ.રૂ.૮,૯૦૦/- કબ્જે કરવામાં આવેલ છે. તેમજ તેની પાસેથી મળી આવેલ હીરો કંપનીની પેશન-પ્રો મોટર સાયકલ ખટોદરા પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હાની હોવાનું જણાઈ આવેલ છે.